RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2015

Book-Post

અંધ, અપંગ, બહેરા-મૂંગા, મંદબુધ્ધિ તથા કુષ્ઠરોગીઓને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

M.No. 97260 43911, 9427958711

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૧ ● અંક : ૫-૬-૭ ● જાન્યુ-ફેબ્રુ-માર્ચ-૨૦૧૫ ● વાર્ષિક લવાજમ રૂ.૫૦/- ● આજીવન લવાજમ રૂ.૧૦૦૦/- ● પાના - ૪

પત્ર વ્યવહારનું સરનામુ :- મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.નં. ૩૮૨૮૬૦ ઈ-મેલ : viklangmitra@yahoo.com

## બીજા વિશ્વયુદ્ધમાં બંને હાથ ગુમાવનારા હારોલ્ડ રસેલનો સંઘર્ષ

હારોલ્ડ રસેલ નામના કલાકારે સૈનિક તરીકે બીજા વિશ્વયુદ્ધમાં બંને હાથ ગુમાવ્યા હતા. તેણે જિંદગીમાં હાર ન માની અને ફિલ્મમાં એક્ટિંગ કરી. ૧૯૪૬માં બનેલી ફિલ્મ "ધ બેસ્ટ યર્સ ઑફ અવર લાઈફ"માં એક પ્રોફેશનલ એક્ટરની જેમ જ એક્ટિંગ કરી અનો બો ઓસ્કાર જીત્યા. રસેલની જિંદગી સંઘર્ષમય રહી તેણે પોતાની જિંદગીમાં બે લાઈફમાં રસેલે એક્ટિંગ કરી. આ ફિલ્મ બીજા વિશ્વયુદ્ધમાં પોતાના હાથ ગુમાવનારા હોમર પેરિસના જીવન પર આધારિત છે. રસેલને પણ બંને હાથ નહોતા. જ્યારે હોમર પેરિસ પણ બંને હાથ ગુમાવી ચુક્યો હતો. તેથી રસેલને હોમરના પાત્ર માટે પસંદ કરી લેવાયો અને તેણે આ ફિલ્મમાં એક્ટિંગ કરી એ સાબિત કરી દીધું કે "હૈયે જો હોય હામ તો કામ થાય તમામ." ફિલ્મને ૧૯૪૬માં સાત લાઈફમાં શ્રેષ્ઠ એક્ટિંગ કરી ઓસ્કાર મેળવ્યો. રસેલે જોકે સૈન્ય પર બનેલી ફિલ્મ ડાયરી ઑફ અ સર્જન્ટમાં કામ કર્યું હતું.

**હાથ ન હોવા છતાં પુસ્તક લખ્યાં :-**

રસેલે ગુમાવેલા બંને હાથની જગ્યાએ બે હૂક ફીટ કરી દીધા અને તેના આધારે જ તેમણે પોતાની જિંદગી વીતાવી. નવાઈની વાત તો એ છે કે રસેલ આ હૂકની મદદથી બે બાયોગ્રાફી વિક્ટરી ઈન

## ભગવાને માણસને ધરતી પર કંઈક કામ કરવા મોકલ્યા છે.

- શ્રી મિત્તલબેન પટેલ



સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ, રાજેન્દ્રનગર મુકામે રક્તપિત્ત નિયંત્રણ દિન અને શહીદ દિન ૩૦મી જાન્યુઆરીએ વિચરતા સમુદાય સમર્થન મંચ, અમદાવાદના શ્રી મિત્તલબેન પટેલના મુખ્ય મહેમાનપદે મનાવવામાં

અને બે ઓસ્કાર જીત્યા. રસેલની જિંદગી સંઘર્ષમય રહી તેણે પોતાની જિંદગીમાં બે ઓસ્કાર મેળવ્યા. ગરીબીમાં સપડાઈ જતાં તેણે પોતાના આ એવોર્ડની ટ્રોફીને વેચવી પણ પડી હતી. અહીં તેના આ સંઘર્ષમય જીવનની વાત કરી છે.

**વિશ્વયુદ્ધમાં બંને હાથ ગુમાવ્યા :-**

૧૯૧૪માં નોવા સ્કોટિયામાં જન્મેલા હારોલ્ડ રસેલ સૈન્યમાં જોડાયા, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેઓ બોમ્બ બ્લાસ્ટમાં ઘવાયા, આ વિસ્ફોટ એટલો ઘાતક હતો કે તેનાથી રસેલે બંને હાથ ગુમાવી દીધા. રસેલની પસંદગી આર્મી ટ્રેનીંગ માટેની ફિલ્મ "ડાયરી ઑફ અ સર્જન્ટ"માં એક્ટર તરીકે કરવામાં આવી. આ ફિલ્મમાં રસેલે એક સૈન્યના જીવન પર કામ કર્યું. ડાયરેક્ટર વિલિયમ વ્હીલરે આ ફિલ્મ નિહાળી તેમને બહુ ગમી તેથી તેમણે રસેલને પોતાની ફિલ્મ ધ બેસ્ટ યર્સ ઑફ અવર લાઈફ માટે પસંદ કર્યો.

**ધ બેસ્ટ યર્સ ઑફ અવર લાઈફમાં એક્ટિંગ, મળ્યો ઓસ્કાર :-**

ધ બેસ્ટ યર્સ ઑફ અવર લાઈફમાં એક્ટિંગ કરી એ સાબિત કરી દીધું કે "હૈયે જો હોય હામ તો કામ થાય તમામ." ફિલ્મને ૧૯૪૬માં સાત ઓસ્કાર મળ્યા. રસેલે બેસ્ટ સપોર્ટિંગ એક્ટર તરીકે એવોર્ડ મેળવ્યો.

**એક જ પાત્ર માટે બે ઓસ્કાર મેળવનાર પ્રથમ :-**

રસેલને એક જ પાત્ર માટે બે ઓસ્કાર આપવામાં આવ્યા હતા. રસેલ એક જ પાત્રમાં બે ઓસ્કાર મેળવનાર એક માત્ર અભિનેતા બન્યા. ધ બેસ્ટ યર્સ ઑફ અવર લાઈફમાં એક્ટિંગ બદલ સહઅભિનેતા તરીકે તેને ઓસ્કાર મળ્યો. આજ સમયે તેમના આ અભિનય બદલ સન્માન કરવામાં આવ્યું અને બીજો ઓસ્કાર પણ આપવામાં આવ્યો. આમ એક જ ફિલ્મના એક જ પાત્રમાં અભિનય કરવા બદલ રસેલે બે ઓસ્કાર મેળવી એક રેકોર્ડ બનાવ્યો હતો.

**એક્ટિંગની પ્રોફેશનલ ટ્રેનિંગ નહોતી લીધી :-**

રસેલે જ્યારે ફિલ્મ ધ બેસ્ટ યર્સ ઑફ અવર લાઈફમાં કામ કર્યું તે પહેલાં તેમણે કોઈ પણ પ્રોફેશનલ એકેડમીમાં ટ્રેનિંગ નહોતી લીધી કે ન તો લાંબા સમય માટે એક્ટિંગ કરી હતી. છતાં પણ તેણે ધ બેસ્ટ યર્સ ઑફ અવર લાઈફમાં ... પોતાની જિંદગી વીતાવી. નવાઈની વાત તો એ છે કે રસેલ આ હૂકની મદદથી બે બાયોગ્રાફી વિક્ટરી ઈન માઈ હેન્ડસ્ (૧૯૪૭)માં ધ બેસ્ટ યર્સ ઑફ માય લાઈફ (૧૯૮૧)માં લખી. તેમણે ૧૯૪૯માં બોસ્ટન યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન પણ કર્યું.

**૧૯૯૨માં પત્નિની સારવાર માટે ઓસ્કારની ટ્રોફી વેચી દીધી :-**

રસેલની જિંદગી અનેક પ્રકારના ઉતારચઢાવ પણ આવ્યા. તેમની પત્નિ બેતી માર્શલસીઆને લાંબી બીમારી થતાં હોસ્પિટલમાં દાખલ કરાઈ, રસેલની પરિસ્થિતિ આર્થિક રીતે ખરાબ હતી અને દેવું પણ થઈ ગયું હતું. તેથી તેમણે પોતાની ઓસ્કારની બંને ટ્રોફીઓને વેચવા કાઢી. તેમની આ ટ્રોફીઓ એક અજાણ્યા શખ્સે ૬૦,૫૦૦ ડોલરમાં ખરીદી હતી, દરમિયાન ઓસ્કાર એવોર્ડ જે એકેડમીએ આપ્યો હતો તે રસેલને લોન આપવા માટે તૈયાર થઈ ગઈ હતી. જોકે રસેલે તેની ઓફર હુકરાવી દીધી હતી, અને ઓસ્કારને વેચી પત્નિની સારવાર કરાવી હતી. રસેલે કહ્યું હતું કે "કેમ લોકો મારી ટીકા કરી રહ્યા છે ? મારા માટે ઓસ્કાર કરતાં જીવીત રહે તે વધુ મહત્ત્વનું છે." ●

સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ, રાજેન્દ્રનગર મુકામે રક્તપિત્ત નિયંત્રણ દિન અને શહીદ દિન ૩૦મી જાન્યુઆરીએ વિચરતા સમુદાય સમર્થન મંચ, અમદાવાદના શ્રી મિત્તલબેન પટેલના મુખ્ય મહેમાનપદે મનાવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં લગભગ ૯૦૦ મહેમાનોએ હાજરી આપી. મિત્તલબેન પટેલે પોતાના વ્યક્તવ્ય દ્વારા પોતાની કામગીરીથી વાકેફ કર્યા અને પડેલી મુશ્કેલીઓ અને મુશ્કેલીઓમાંથી કઈ રીતે બહાર નીકળ્યા, એ અંગે માહિતી આપી. એમણે કહ્યું કે ભગવાને દરેક માણસને આ ધરતી પર કંઈક કામ કરવા મોકલ્યા છે, પરંતુ કેટલાકને ખબર જ નથી હોતી કે મારે શું કરવાનું છે અને એમને એમ જિંદગી પસાર કરી દે છે. એમણે સંસ્થાની કાર્યપ્રવૃત્તિના વખાણ કર્યા અને કહ્યું કે ભગવાને મને અને સુરેશભાઈને આ કામ માટે નિમિત્ત બનાવ્યા છે. અને અમને આ કામથી આનંદ મળે છે. એમણે બીજી વાત એ પણ કહી કે ભારતમાં ઘણા પૈસાદાર લોકો છે. જો એ લોકો એક ગરીબ કુટુંબને દત્તક લે, તો લોકોને સરકારની જરૂર જ ના પડે.

શ્રી સુરેશભાઈ સોનીએ અમદાવાદના શ્રી કિશોરભાઈ ગૌડનું સન્માન કર્યું. જેમણે પરાજય નહીં વિજય, એક પૂર્ણ અપૂર્ણ, પૈડાંવાળી ખુરશી વગેરે જેવા કેટલીક પ્રેરણાદાયક વ્યક્તિઓના જીવન પર આધારિત મરાઠી ૩૦ પુસ્તકોનું ગુજરાતીમાં અનુવાદ કરીને ગુજરાતી વાંચકો ઉપર ઉપકાર કર્યો છે. શ્રી કિશોરભાઈની વિશેષતા એ છે કે તેઓ જે પુસ્તકનો અનુવાદ કરે છે, એમાંથી જે પૈસા મળે તે જે-તે સંસ્થાને આપી દે છે. સુરેશભાઈ સોનીએ એમના પુસ્તકો અંગે માહિતી આપી હતી. આભારવિધિ શ્રી ભવાનસિંહે અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પારૂલ જૈને કર્યું હતું. ●

## કૃત્રિમ અંગ : માર્ગદર્શન

વિકલાંગોને કૃત્રિમ અંગો પૂરા પાડવાનું સરાહનીય કાર્ય વેદાંતમ મૂર્તિ કરી રહેલ છે. પોતે અકસ્માતમાં બંને પગે ગુમાવી દેતા ખૂબ ખર્ચાળ સારવાર પૂણે હોસ્પિટલમાં લીધી હતી. હાલ કૃત્રિમ પગ દ્વારા તેઓ વ્હીકલ પણ ચલાવી શકે છે. પોતાની વેદનાના અર્વિભાવરૂપે તેમણે "કૃત્રિમ અંગ કેન્દ્ર" ડૉ. સરમા.ના સહયોગથી શરૂ કરેલ છે.

જરૂરતમંદ વિકલાંગોએ સલાહ-સૂચન, માર્ગદર્શન માટે વેદાંતમ મૂર્તિ, કૃત્રિમ અંગ કેન્દ્ર, પાલાકોલ પો.ઓ., જિ. પશ્ચિમ ગોદાવરી, આંધ્રપ્રદેશ સંપર્ક કરી શકે છે. તેમની વેબ સાઈટ **ability@abilityfoundation.org** થી વિશેષ માહિતી મેળવી શકશો. ●

વિકલાંગ મિત્ર 2 જાન્યુ-ફેબ્રુ-માર્ચ-૨૦૧૫

## વિકલાંગ મિત્ર

વિકલાંગ પ્રથમ માણસ છે અને પછી વિકલાંગ છે. તેના અધિકારોનું રક્ષણ કરવું એ આપણી પવિત્ર ફરજ છે.

# અક્ષમતાની ચિંતા ન કરો, દુનિયા તમારું કામ જુએ છે

"એમાં શું છે કે તું દુનિયાને જોઈ શકતો નથી, કંઈક એવું કર કે દુનિયા તને જુએ." આ શબ્દો એક માતા પોતાના પુત્રને કહી રહી છે. જેની આંખોની જ્યોતિ ધીમે-ધીમે ઘટી રહી છે. ભાવેશ ભાટિયાની માતા પોતે કેન્સરના ચોથા સ્ટેજ પર હતી અને તેણે પોતાના પુત્રને આ શબ્દો કહ્યા. ડૉક્ટરોએ તેને જણાવ્યું કે, તેના પુત્રની આંખોની જ્યોતિ ધીમે-ધીમે ઘટી રહી છે અને તે થોડા સમયમાં જ સંપૂર્ણપણે અંધ થઈ જશે. ભાવેશ જન્મથી અંધ ન હતો. તે એક શ્રેષ્ઠ ખેલાડી હતો, પરંતુ ઉંમર વધવાની સાથે તેની આંખોની જ્યોતિ ઘટતી ગઈ. ૨૩ વર્ષની ઉંમરે ભાવેશે પોતાની આંખોની જ્યોતિ ગુમાવી દીધી. ગ્રેજ્યુએશન બાદ તેણે એક હોટલમાં ટેલિફોન ઓપરેટર તરીકે કામ શરૂ કર્યું. હોટલને તેનામાં રસ રહ્યો નહીં. તેઓ મહારાષ્ટ્રના મહાબળેશ્વરમાં રહેતા હતા. ભાવેશ ઘરમાં એક ફરનીચરની જેમ રહેવા માગતો ન હતો. આથી તેણે એક્યુપ્રેશર અનો બોડી મસાજ કરવાનું શીખ્યું અને એક સ્થાનિક હોટલમાં પ્રવાસીઓને મસાજ આપવા લાગ્યો. આ દરમિયાન તે નેશનલ એસોશિયેશન ઑફ બ્લાઈન્ડના પ્રતિનિધિઓને મળ્યો અને મીણબત્તી બનાવવાની તાલીમ લીધી. તે રાત્રે મીણબત્તી બનાવતો અને સવારે ચર્ચ બહાર વેચતો. ૨૦૦૩માં શહેરની એક સોશિયલ ક્લબે ભાવેશને એક એક્ઝિબિશન દરમિયાન સ્ટોલ લગાવવા આમંત્રણ આપ્યું. ત્યારબાદ ભાવેશે પાછા વળીને જોયું નથી.

## "વિકલાંગ મિત્ર"ના આજીવન સભ્યશ્રીઓ રૂા. ૧,૦૦૦/-

(૧) શ્રી સેજલબેન એન. મહેતા, શિક્ષકશ્રી, બહેરા-મૂંગા શાળા, ભાવનગર
(૨) ડૉ. દેવ યોગી, મંગલ જીવન ટ્રસ્ટ, સેંદ્રાણા, તા. સિધ્ધપુર
(૩) શ્રી કનુભાઈ શેલાર, ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ, અમદાવાદ
(૪) શ્રી આશા - વીરેન્દ્ર, સાહિત્યકાર, વલસાડ
(૫) પ્રો. રમીલાબેન દેસાઈ, સુરત
(૬) શ્રી પ્રવિણભાઈ પંડ્યા, મંત્રીશ્રી, સ્વાવલંબન ટ્રસ્ટ, અમદાવાદ
(૭) શ્રી કુલિનકાન્ત લુઠિયા, માનવ જ્યોત, મુંબઈ
(૮) શ્રી સુરેશભાઈ પટેલ, શિક્ષકશ્રી, પાટણ
(૯) શ્રી બળવંતભાઈ દેસાઈ, યંગમેન્સ ગાંધીયન એસોશિયેશન-રાજકોટ
(૧૦) શ્રી જ્યોત્સનાબેન સુથાર, ફા.ઈન્ટરનેશનલ, અપંગ એકતા સમિતિ અમદાવાદ
(૧૧) શ્રી નવનીતભાઈ કે. પટેલ, ગાંધીનગર
(૧૨) શ્રી નરેશકુમાર દવે, પ્રમુખશ્રી, શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ-પાટણ
(૧૩) શ્રી રસીકભાઈ પટેલ, ભાદરણ, જિ.આણંદ હાલ- યુ. કે.
(૧૪) શ્રી નાનજીભાઈ કે. ડબાસીયા, માધાપર (કચ્છ)
(૧૫) શ્રી બકુલાબેન ઘાસવાલા, સાહિત્યકાર, વલસાડ
(૧૬) શ્રીમદ્ રાજચંદ્ર વિકલાંગ સેન્ટર, મોહનગઢ, જિ. વલસાડ
(૧૭) શ્રી તનમનબેન ગાંધી, સામાજિક કાર્યકર, મુંબઈ
(૧૮) શ્રી કિશોરભાઈ ભાનુશાળી, પ્રોફેસર, અમદાવાદ
(૧૯) શ્રી ભાસ્કરભાઈ મહેતા, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, ઈડર
(૨૦) શ્રી દિપકકુમાર રાવલ, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, નવસારી
(૨૧) શ્રી ફાધર વિલિયમ, "રિશ્તા", વલ્લભવિદ્યાનગર, જિ. આણંદ
(૨૨) શ્રી મધુબેન પી. પટેલ, શિક્ષિકા, બાલમંદિર, કડવાસણ, જિ.મહેસાણા
(૨૩) શ્રી કે. એસ. દેઢિયા મૂક-બધિર વિદ્યામંદિર,અમદાવાદ
(૨૪) શ્રી અશોકભાઈ પટેલ, પ્રમુખ, અપંગ એકતા સમિતિ, અમદાવાદ

### શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલા સંચાલિત

## આશીર્વાદ, ક્ષમતા અને ઉપાસના સેન્ટરની પ્રવૃત્તિઓની ઝલક

# સપનાં સાકાર કરવા પ્રયાસ જરૂરી

માર્ટી નામના ઉંદરને બાળપણથી જ ઉંદરોની દોડની સ્પર્ધામાં વિજયી બનવું હતું. તે રોજ વિજયી બનવાનાં સપનાં જોતો હતો, પરંતુ તકલીફ એ વાતની હતી કે એક અકસ્માતમાં તેનો એક પગ કપાઈ ગયો હતો, ત્રણ પગથી જ તેણે કામ ચલાવવું પડતું હતું. માર્ટીએ તેના મિત્રોને પોતાના સપનાની વાત કરી. મિત્રો માર્ટીની વાત પર હસવા લાગ્યા અને તેને આવા તુક્કા નહીં દોડાવવાની સલાહ આપવા લાગ્યા. માર્ટી માટે હાસ્યાસ્પદ પરિસ્થિતિ સર્જાઈ ગઈ. તેની હિંમત પડી ભાંગી. તે ઉદાસ થઈ ગયો. તેને લાગ્યું કે હવે તે ક્યારેય પોતાનું સપનું પૂરું નહીં કરી શકે. ઉદાસ બેઠેલા માર્ટીને જોઈને તેના પિતાએ માર્ટીને ઉદાસીનું કારણ પૂછ્યું. માર્ટીએ તેના પિતાને વાત કરી. તેના પિતાએ માર્ટીને હિંમત નહીં હારવા માટે અને પોતાનામાં

બનાવતો અને સવારે ચર્ચ બહાર વેચતો. ૨૦૦૩માં શહેરની એક સોશિયલ કલબે ભાવેશને એક એક્ઝિબિશન દરમિયાન સ્ટોલ લગાવવા આમંત્રણ આપ્યું. ત્યારબાદ ભાવેશે પાછા વળીને જોયું નથી. ઉનાળાની રજાઓમાં મુંબઈથી એક પ્રવાસી યુવતી મહાબળેશ્વર આવી. તેણે ભાવેશને જણાવ્યું કે, તે જ્યાં સુધી અહીં છે ત્યાં સુધી કેન્ડલ વેચવામાં તેની મદદ કરશે. આઠ દિવસ બાદ તે યુવતી પાછી ફરી રહી હતી, ત્યારે તેણે ભાવેશને લગ્નનો પ્રસ્તાવ આપ્યો. ભાવેશ સાથે લગ્ન કરવા માટે નીતાને પોતાના માતા-પિતાને રાજી કરવામાં ઘણી મહેનત કરવી પડી. આજે તે એક શાનદાર કેન્ડલ બિઝનેસ અને વેક્સ મ્યુઝિયમની માલિક છે. તેમની કંપનીમાં ૨૦૦ અંધજનો કામ કરી રહ્યા છે. આજે ભાવેશ અને નીતા ૯૦૦૦ પ્રકારની ડિઝાઈનોવાળી કેન્ડલ રિલાયન્સ, રેનબક્સી, બીગ બજાર, નારોદા જેવા કોર્પોરેટ્સને સપ્લાય કરે છે. ભાવેશની ફેક્ટરીમાં દરરોજ ૨૫ ટન વેક્સ બ્રિટનથી આવે છે. કેન્ડલનો બિઝનેસ જામી ગયા બાદ ભાવેશ ફરી રમતના મેદાનમાં પાછો ફર્યો છે. તેણે શોર્ટપુટ, ડિસ્કસ અને જેવ્લિન થ્રોમાં નિપુણતા મેળવી લીધી છે. પેરા ઓલિમ્પિકમાં ૧૦૯ મેડલ જીત્યા છે. ભાવેશ દરરોજ ૫૦૦ પુશઅપ લગાવે છે અને ૮ કિમી દોડે છે. દોડની પ્રેક્ટિસ દરમિયાન નીતા નાયલોનની દોરીનો એક છેડો વાન સાથે બાંધે છે અને બીજો ભાવેશને પકડાવે છે. ત્યારબાદ તે ભાવેશ જેટલી ઝડપે દોડે છે એટલી ઝડપે વાન ચલાવે છે. ભાવેશ ૨૦૧૬ની બ્રાઝિલ પેરા- ઓલિમ્પિકની તૈયારી કરી રહ્યો છે. તેની મહત્વાકાંક્ષાઓ ખુબ ઊંચી છે. તે દુનિયાની સૌથી ઊંચી કેન્ડલ બનાવવા માગે છે. જેનો વર્તમાન રેકોર્ડ ૨૧ મીટરનો છે. તેણે વિવિધ જાણીતી હસ્તીઓની મૂર્તિઓ પણ બનાવી છે.

**ફંડા એ છે કે,** એક અંધ વ્યક્તિ દુનિયાને જોઈ શકતો નથી, પરંતુ તેના કામ પર દુનિયાની નજર જરૂર પડશે. દુનિયા તેને જોશે અને તેની મહેનતનું સન્માન કરશે. સખત મહેનત વગર આ શક્ય નથી.

- એન. રઘુરામન, મેનેજમેન્ટ નિષ્ણાત

**શું આપશ્રીએ લવાજમ મોકલ્યું છે...? નિયમિત પ્રકાશન માટે લવાજમ મોકલવું અત્યંત જરૂરી છે. આજીવન લવાજમ મોકલી આભારી કરશોજી. - તંત્રીશ્રી**

## આશીર્વાદ, ક્ષમતા અને ઉપાસના સેન્ટરની પ્રવૃત્તિઓની ઝલક

● આશીર્વાદ, ક્ષમતા અને ઉપાસના સેન્ટર અને ડેફ બ્લાઈન્ડ પ્રોજેક્ટ અંતર્ગત ૧૪૦ બાળકો જુદી-જુદી સેવાઓ મેળવી રહ્યા છે.

● ક્ષમતા કેન્દ્ર, લીંબડી, ઉપાસના કેન્દ્ર, સુરેન્દ્રનગર અને સાયલા તાલુકાના મળીને કુલ ૧૭ સ્વસહાય જુથની માસિક મીટીંગ યોજાઈ ગઈ.

● શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ અને દાતાશ્રી દ્વારા ૪ વ્યક્તિઓને મોબીલીટીના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું.

● સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા, અમદાવાદથી સચિનભાઈ, વિશ્વામિત્ર અને પ્રથમેસ બધિરાંધ મેરાજ અને શેનાજની શિક્ષણ અને ઘરની પ્રવૃત્તિઓની માહિતી મેળવી હતી.

● નાઝીકિસ્તાનના પ્રતિનિધિ મંડળે સંસ્થાના બધિરાંધ લાભાર્થીઓની મુલાકાત લીધી . આ કાર્યક્રમનું આયોજન અંધજન મંડળ અમદાવાદ દ્વારા થયું હતું.

● આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટ, સાયલામાં પ.પૂ. ભાઈશ્રીના હસ્તે વિકલાંગ બાળકો માટેની સ્કુલ બસની લોકાર્પણ વિધિ સંપન્ન થઈ. આ સ્કુલ બસ એલઆઈસી ઑફ ઈન્ડિયા ગોલ્ડન જ્યુબીલી ફાઉન્ડેશન તરફથી આપવામાં આવેલ છે.

● માનસિક બિમાર વ્યક્તિઓ માટે મેડીકલ તપાસ કેમ્પ રેફરલ હોસ્પિટલ, ચોટીલામાં રાજકોટ અને સુરેન્દ્રનગરના સાઈકિઆટ્રીસ્ટ ડૉક્ટરો દ્વારા ૮૯ માનસિક બિમાર વ્યક્તિઓની તપાસ કરી જરૂરી દવાઓ આપવામાં આવીહતી.

● શ્રોફ આઈ હોસ્પિટલ અલવર (રાજસ્થાન)ના ૮ તાલીમાર્થીઓ અને સમલિત વિકાસ જાણકારી, પાલનપુરના ૧૦ કાર્યકરોએ ફિલ્ડ વર્કરની ભૂમિકા, સમુદાયના સંશાધનો અને ગામડાઓમાં આર્થિક પુનઃવસન થયેલ વિકલાંગોની મુલાકાત લીધી હતી. ●

## વિચારોનું મહત્ત્વ

એક સામાન્ય માન્યતા છે કે આપણું ભવિષ્ય લખાઈ ચૂક્યું છે અને એમાં કોઈ ફેરફાર શક્ય નથી. એકવાર મનનું ચિત્ર બદલીને પોઝિટિવ કરી નાખો પછી જેને આપણે નસીબ માનીએ છીએ તેને પણ બદલી શકાય છે. વિચારોમાં એવી શક્તિ છે કે તમે જેવું વિચારો છો તેવા બનો છો. શ્રદ્ધાથી કરેલી ઈશ્વરની પ્રાર્થના પણ આપણી દૃષ્ટિને પોઝિટિવ બનાવીને વિચારો બદલી શકે છે. હતાશા દૂર થાય છે અને અધિરાઈ પણ નથી રહેતી. વિચારોના બદલાવાથી દરેક કામનું પરિણામ પણ લાભદાયક આવવા માંડશે. ●

પૂછ્યું. માર્ટીએ તેના પિતાને વાત કરી. તેના પિતાએ માર્ટીને હિંમત નહીં હારવા માટે અને પોતાનામાં વિશ્વાસ રાખવા માટે આશ્વાસન આપ્યું. તેમણે માર્ટીને સંઘર્ષ દ્વારા જ આગળ વધી શકાય અને સપનાઓને સાકાર કરી શકાય તેવી શીખ આપી. માર્ટીને દરરોજ તેનું સપનું સાકાર કરવા માટે નૈતિક હિંમત આપવા લાગ્યા. તેમના પ્રયાસોને કારણે માર્ટી ઉદાસી દૂર કરીને નવા જોમ સાથે સફળતા મેળવવા પ્રયાસરત રહેવા લાગ્યો. એક દિવસ એવો આવ્યો કે માર્ટીએ ત્રણ પગે જ ઉંદરોની દોડની સ્પર્ધામાં જીત મેળવી અને સૌથી ઓછા સમયમાં આ દોડ પૂરી કરવાનો વિક્રમ સ્થાપ્યો. વ્યક્તિત્ત્વ વિકાસના સંદર્ભમાં વાર્તાનો સાર એ છે કે કોઈના કહેવાથી કે ટીકાઓને કારણે પ્રગતિની રાહમાં નાસીપાસ થઈ જવાની જરૂર નથી. આત્મવિશ્વાસપૂર્વક સંઘર્ષરત રહીને સતત પ્રયાસો કરવામાં આવે તો એક દિવસ ચોક્કસ સફળતા મળે જ છે. સપનાં જોવાં એમાં કોઈ ગુનો નથી, પણ હાથ પર હાથ ધરીને બેસી રહેવાથી કે ખયાલી પુલાવ પકાવવાથી ક્યારેય સફળતા નથી મળતી. તેના માટે સતત નિષ્ઠાપૂર્વક પ્રયત્નશીલ રહેવું પડે છે. ●

## વિકલાંગતાની વ્યાખ્યા અને તેના પ્રકારો

**વિકલાંગતાની વ્યાખ્યા :-**

વિકલાંગ વ્યક્તિ એટલે તબીબી સત્તા મંડળ દ્વારા પ્રમાણિત કર્યા મુજબની ૪૦ ટકા કરતાં ઓછી નહીં એવી વિકલાંગતાથી પીડાતી કોઈપણ વ્યક્તિ. ગંભીર વિકલાંગતાવાળી વ્યક્તિ એટલે એક અથવા વધુ વિકલાંગતાઓના ૮૦ ટકા અપંગ અથવા વધુ હોય તેવી વ્યક્તિ.

રાજ્ય સરકારની યોજનાઓમાં તેમજ પરિપત્રો, ઠરાવોમાં ''શારીરિક ખોડખાંપણવાળી (**Physical Hendicaped**) વ્યક્તિ'' શબ્દ વપરાયેલો હોય તેની જગ્યાએ ''અશક્ત / વિકલાંગ (**Disabled**) વ્યક્તિ'' શબ્દ વાપરવાનો રહેશે. એટલે હવેથી શારીરિક ખોડખાંપણવાળા જેવા શબ્દો વાપરી શકાશે નહીં, તેવો ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગે તા. ૩૦-૧૨-૨૦૧૦નો ઠરાવ બહાર પાડેલ છે.

૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને જ સરકારી લાભો મળી શકે છે.

**વિકલાંગતાના પ્રકારો :-**

વિકલાંગ ધારો-૧૯૯૫ ( **The Persons With Disability Of Right and Full Participation) Act-1995**) ના પ્રથમ પ્રકરણ અનુસાર નીચે દર્શાવેલ વ્યક્તિ વિકલાંગ તરીકે ગણાશે.

**(૧) અંધત્વ / નેત્રહીનતા :-** નીચેની સ્થિતિઓમાંથી કોઈપણ એકથી પીડાતી વ્યક્તિ. (અ) દૃષ્ટિનો સંપૂર્ણ અભાવ (બ) સુધારક કાચ મૂકેલી સારી આંખની સક્ષમતા ૬/૬૦ અથવા ૨૦/૨૦૦ (સ્નેલન)થી વધુ ન હોય. (ક) દૃષ્ટિના ક્ષેત્રની મર્યાદા સામેની દિશામાં ૨૦ અંશકોણ જેટલી અથવા તેથી વધુ ખરાબ હોય.

**(૨) અલ્પ દૃષ્ટિ :-** વ્યક્તિ એટલે સારવાર અથવા પ્રમાણિક વક્રી ભવનના ક્ષતિ સુધારા પછી પણ દૃષ્ટિની કામગીરીમાં ક્ષતિ હોય તેવી વ્યક્તિ, પરંતુ જે યથાયોગ્ય સહાયક ઉપકરણ સાથે દૃષ્ટિનો કાર્ય આયોજન અને અમલ માટે ઉપયોગ કરે છે અથવા ઉપયોગ કરવાને સક્ષમ છે.

**(૩) અસ્થિવિષયક :-** વિકલાંગતા એટલે અવયવોના હલન ચલનના ઘણા બધા નક્કર પ્રતિબંધ તરફ દોરી જતી હાડકાં, સાંધા અને સ્નાયુઓની અસમર્થતા.

**(૪) સેરીબ્રલ પાલ્સી :-** પ્રસવ પૂર્વે પ્રસવ દરમિયાન કે શિશુ વિકાસના સમય દરમિયાન મગજનો હુમલો અથવા ઈજા થવાને કારણે નીપજેલી અતિ અસામાન્ય હલન ચલન અંકુશની અંગ સ્થિતિનું લક્ષણ હોય તેવી વ્યક્તિની બિન-પ્રગતિશીલ સ્થિતિઓનો સમૂહ.

**(૫) બહેરા-મૂંગા :-** વાતચીતના ધ્વનિ આવર્તનોની મર્યાદામાં સારા કાનમાં ૬૦ ડેસિબલ્સ કે તેથી વધુનું નુકશાન થવું.

**(૬) મંદબુદ્ધિ :-** કોઈપણ વ્યક્તિ, શારીરિક ઉંમરના પ્રમાણમાં માનસિક વિકાસ ઓછો / ધીમો હોય તેવી વ્યકિતને મંદબુદ્ધિ તરીકે ઓળખવામાં છે.

**(૭) કુષ્ઠરોગ (રક્તપિત્ત) :-** રક્તપિત્તમાંથી સાજો થયેલ કોઈપણ વ્યક્તિ, પરંતુ (અ) હાથ અને પગમાં સંવેદના લોપ ઉપરાંત આંખ અને આંખની પાંપણોની સંવેદન લોપ અને હળવો આંશિક લકવો પરંતુ કોઈ પ્રગટ કુરૂપતા નહીં (બ) પ્રગટ કુરૂપતા અને હળવો આંશિક લકવો પરંતુ સામાન્ય આર્થિક પ્રવૃત્તિઓ કરવા રોકાણ થઈ શકે તેવું તેમના હાથ

---

પ્રિય વાંચકો, શુભેચ્છકોને...!

છેલ્લાં અગિયાર વર્ષથી વિકલાંગો માટે અને વિકલાંગ વ્યક્તિ સંચાલિત સમાચાર પત્ર ''વિકલાંગ મિત્ર'' દર મહિને પ્રસિદ્ધ થાય છે. આ સમાચારપત્ર દ્વારા વિકલાંગોને ઉપયોગી તમામ માહિતી તેમના ઘેરબેઠાં પહોંચાડવામાં આવે છે. જેનો લાભ મેળવી વિકલાંગો પોતાનો વિકાસ કરવા કટિબધ્ધ બને છે. જે ''વિકલાંગ મિત્ર'' માટે ગૌરવની બાબત છે. ઉદાર દિલના શુભેચ્છક દાતાઓના સહયોગથી ચાલતું આ પ્રકાશન વિકલાંગજનોની સેવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

આપશ્રીને વિનંતી કરવાની કે આપ પોતે અને આપના મિત્ર વર્તુળને ''વિકલાંગ મિત્ર''ના સભ્ય (સહયોગ રાશિ આજીવન રૂા.૧૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૫૦/- બે વર્ષના રૂા. ૧૦૦/- માત્ર) બનવા પ્રોત્સાહિત કરી સહકાર આપવા કૃપા કરશો. આપશ્રી આપની સહયોગ રાશિ મની ઓર્ડર / ડીડી / એટપાર ચેક ( જે **“વિકલાંગ મિત્ર”**ના નામનો) દ્વારા નીચેના સરનામે મોકલી શકો છો. આપશ્રી આપની સહયોગ રાશિ યુનિયન બેંક ઑફ ઈન્ડિયાના **“વિકલાંગ મિત્ર”**ના ખાતા નંબર ૪૪૮૨૦૧૦૧૦૦૩૨૦૨૯માં જમા કરાવી મોબાઈલ નંબર ૯૭૨૬૦૪૩૯૧૧ અથવા ઈ-મેલ **viklangmitra@yahoo.com** પર સંદેશો (આપનું નામ-સરનામું સાથે) મોકલવા વિનંતી છે.

**તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર**

**મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, પી.૩૮૨૮૬૦**

**મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૪૨૭૯૫૮૭૧૧**

**viklangmitra@yahoo.com**

## શ્રી ઈન્દિરાબેન સોનીને “કસ્તુરબા ગાંધી સેવા પુરસ્કાર” એનાયત

રાજસ્થાનના સ્વાતંત્ર સેનાની અને લોકસેવકશ્રી મોહનલાલ જૈને સમાજના છેવાડાના માનવીઓના ઉદ્ધાર માટે અનેક કાર્યો કર્યા હતા. એમણે સ્થાપેલ બાલ સમબ્લ આશ્રમ, રાજસમંદ આજે પણ શિક્ષણ ક્ષેત્રે કામગીરી કરે છે. તેમના ધર્મપત્નિ શ્રી ભાગીરથીબેનના અવસાન પછી શ્રી મોહનલાલ

**(૭) કુષ્ઠરોગ (રક્તપિત્ત) :-** રક્તપિત્તમાંથી સાજો થયેલ કોઈપણ વ્યક્તિ, પરંતુ (અ) હાથ અને પગમાં સંવેદના લોપ ઉપરાંત આંખ અને આંખની પાંપણોની સંવેદન લોપ અને હળવો આંશિક લકવો પરંતુ કોઈ પ્રગટ કુરૂપતા નહીં (બ) પ્રગટ કુરૂપતા અને હળવો આંશિક લકવો પરંતુ સામાન્ય આર્થિક પ્રવૃત્તિઓ કરવા રોકાણ થઈ શકે તેવું તેમના હાથ અને પગોમાં પૂરતું હલન ચલન હોવું (ક) અંતિમ કક્ષાની શારીરિક કુરૂપતા તેમજ વધેલી વય તેને ઉપજાઉ વ્યવસાય કરવા અટકાવે, તેનાથી પીડાતી હોય અને અભિવ્યક્તિ ''રક્તપિત્તમાંથી સાજો થઈ ગયેલ''નું અર્થઘટન આ સંદર્ભમાં કરવું.

આમ ઉપરોક્ત મુજબની વ્યાખ્યામાં આવતા તમામ વ્યક્તિઓ વિકલાંગ વ્યક્તિ તરીકે ઓળખાશે અને સરકારી લાભો મેળવવા અધિકાર ધરાવશે. તેની વિકલાંગતા રૂબરૂમાં જોઈ વિકલાંગતા કેટલા ટકા છે તે બાબતનું પ્રમાણપત્ર સિવિલ સર્જન તરફથી આપવામાં આવે છે. જેમાં વિકલાંગતા દેખાય એવો ફોટો મુકવામાં આવે છે.

વિકલાંગતાનું પ્રમાણપત્ર તેઓને ઓળખપત્ર, એસ.ટી.બસમાં મફત મુસાફરી, શિષ્યવૃત્તિ, લોન તથા અન્ય લાભો મેળવવા માટે અત્યંત ઉપયોગી દસ્તાવેજ છે. તેથી દરેક વિકલાંગ વ્યક્તિએ આ પ્રમાણપત્ર મેળવી લેવું ફરજીયાત છે. આ પ્રમાણપત્ર સિવાય કોઈપણ યોજનાનો લાભ વિકલાંગ વ્યક્તિઓને મળતો નથી. જેની ખાસ નોંધ લેવી.●

સમાજના છેવાડાના માનવીઓના ઉદ્ધાર માટે અનેક કાર્યો કર્યા હતા. એમણે સ્થાપેલ બાલ સમબ્લ આશ્રમ, રાજસમંદ આજે પણ શિક્ષણ ક્ષેત્રે કામગીરી કરે છે. તેમના ધર્મપત્નિ શ્રી ભાગીરથીબેનના અવસાન પછી શ્રી મોહનલાલ જૈને વિચાર્યું કે ગાંધીજીનું સન્માન તો આખી દુનિયા કરે છે પણ એમને સતત સહયોગી થનારા કસ્તુરબાને નામે પતિને સારા કામમાં સાથ દેનાર પત્નિનું ''કસ્તુરબા ગાંધી સેવા પુરસ્કાર'' સાથે રૂા. ૫૧,૦૦૦/- આપીને સન્માન કરવું જોઈએ. એ માટે એમણે ભાગીરથી સેવા પ્રન્યાસ, જયપુરની સ્થાપના કરી એમના પછી એમના દીકરા શ્રી પંચશીલભાઈએ આ પ્રથા ચાલુ રાખી છે. ૨૭મી જાન્યુઆરી-૨૦૧૫નારોજ ગાંધીનગર ખાતે રક્તપિત્તગ્રસ્તો અને મંદબુદ્ધિવાળાઓની સાથે વર્ષોથી જીવતા શ્રી સુરેશભાઈ સોનીના ધર્મપત્નિ શ્રી ઈન્દિરાબેન સોનીને આ પુરસ્કાર અપાયો. શ્રી ઈન્દિરાબેન સોનીને ''વિકલાંગ મિત્ર'' પરિવાર અભિનંદન પાઠવે છે. ●



Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2015 R.N.I. No. GUJGUJ-2004-19315 Viklang Mitra (Monthly)-Vijapur



## નવસારી ખાતે ત્રિદિવસીય વી કેર ફિલ્મ ફેસ્ટીવલને મળેલ અદ્‌ભૂત લોકચાહના



વિકલાંગતા જાગૃતિ અભિયાનના ભાગરૂપે વી કેર આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવ સમગ્ર ગુજરાતમાં પ્રથમવાર સંસ્કારી નગરી નવસારીના આંગણે યોજવાનું સદ્‌ભાગ્ય સ્વ. શ્રી મહેશભાઈ કોઠારીની સંસ્થા માનવ કલ્યાણ ટ્રસ્ટને સાંપડ્યું હતું.

તા. ૨૧ થી ૨૩ ફેબ્રુઆરી૨૦૧૫ દરમ્યાન યોજાયેલ આ ફિલ્મોત્સવ ટાટા હોલ નવસારી ખાતે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, નવસારીના ધારાસભ્યશ્રી પિયુષભાઈ દેસાઈ, દક્ષિણ ગુજરાત વીર નર્મદ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરની ઉપસ્થિતિમાં યુનાઈટેડ નેશન ઈન્ફોર્મેશન સેન્ટર ઈન્ડિયા-ભૂતાનના ડાયરેક્ટર કિરણ મેહરા, બ્રધરહુડ સંસ્થાના શ્રી સતિષ કપૂર, શ્રી નીનુ કેલવાણીએ ખુલ્લો મૂક્યો હતો.

વી કેર ફિલ્મ ફેસ્ટીવલ દરમ્યાન ત્રણ દિવસમાં ૪૫ જેટલી ટૂંકી ફિલ્મો વિનામૂલ્યે નવસારીની પ્રકાશ ટોકીઝ, ગિરિરાજ ટોકીઝ,

## વિકલાંગ પણ આપણા સમાજનું અખંડઅંગ છે.

- શશીકાન્તભાઈ વૈદ્ય, વડોદરા, ફો.નં. : ૨૩૨૬૦૩૫

જ્યારે વિકલાંગના સંદર્ભમાં લખી રહ્યો છું ત્યારે એકાએક અષ્ટાવક્ર ઋષિ યાદ આવ્યા. જ્યારે માતાના ગર્ભમાં હતા ત્યારે આ ઋષિપુત્ર પિતાજીને મુખે વેદ મંત્રો સાંભળી રહ્યો હતો. આ ઋષિપુત્ર ખૂબ જ્ઞાની હતો, તેથી એણે પિતાને કહ્યું કે આ મંત્ર આમ બોલાય. પિતાજી ગુસ્સે થયા અને ઋષિપુત્રને શાપ (શ્રાપ) આપ્યો કે ‘‘જા તારાં આઠે અંગો વિકૃત્ત બની જશે’’ અને આ ઋષિપુત્ર જન્મ્યા ત્યારે જ એમનાં આઠે અંગો વિકૃત્ત હતાં અને એ ઋષિપુત્ર અષ્ટાવક્ર ઋષિ તરીકે ખ્યાતિ પામ્યા. તેઓ ખૂબ જ્ઞાની હતા. કથા એમ કહે છે કે એક સમયે જ્યારે તેઓ જનકના દરબારમાં જ્ઞાનચર્ચા કરવા ગયા ત્યારે એમનું આ બાહ્યરૂપ જોઈને સૌ જ્ઞાની હસી પડ્યા... અને ત્યારે આ પ્રજ્ઞાવાન ઋષિપુત્ર અષ્ટાવક્ર બોલ્યા, ‘‘જનકના દરબારમાં શું બધા ચર્મકારો બેઠા છે...? મારા બહારના રૂપને

ધર્મપત્નિ બિલકુલ નોર્મલ હતા. મને જીજ્ઞાસા થઈ અને એમને પૂછ્યું કે આવું કેમ બન્યું ? જવાબ મળ્યો કે પહેલાં તો પેલા ભાઈ ખૂબ સારા હતા, આંખો પણ હતી, પણ પરદેશમાં કોઈ ઘટના બની અને એમની આંખો ગઈ, પણ છતાં એમણે પ્રગતિ તો કરી જ અને આજે પણ તેઓ પત્નિના સહકારથી, એમના ટેકાથી આગળ વધી રહ્યા છે. પત્નિ ખૂબ વફાદાર અને સમજુ છે, તેથી એમને સારી હૂંફ મળે છે. ભલે આંખો ગઈ, પણ અંદરની દૃષ્ટિ તો અકબંધ છે જ, તેથી આજે પણ તેઓ પત્નિના ટેકાથી આગળ વધી રહ્યા છે, આવી સ્થિતિમાં પણ. આ ભાઈનું ઉદાહરણ સૌને પ્રેરણા આપી જાય તેવું છે. આવાં ઘણાં ઉદારણ આપણને મળે... યાદ રહે, માણસનું એક દ્વાર બંધ ભલે થાય, પણ પ્રભુ બીજું દ્વાર ખોલી નાખે છે. જે તેનું જીવન હરિયાળુ બનાવે છે. હતાશા ખંખેરવી પડે. સમાધાન જડી જાય છે જ. પંડિત સુખલાલ

ઉંમરે જ અંધ બન્યા, પણ પ્રભુ કૃપાથી એમને એક આચાર્ય મિત્રે એમને ઘેર રાખી, પુત્રની જેમ ઉછેર્યા અને ત્યાં સંગીત શીખ્યા. તબલાં પર કાબુ મેળવ્યો. હારમોનિયમ પણ શીખ્યા અને તેઓ એક સારા સંગીતજ્ઞ બન્યા. એક શાળામાં એમને સંગીત શિક્ષક તરીકે નોકરી પણ મળી. પ્રભુકૃપાથી પત્નિ પણ પ્રજ્ઞાચક્ષુ મળી, પણ એમનો પરિવાર આજે સુખી છે. પુત્રી પણ ખૂબ સારું સંગીત જાણે છે અને પતિ-પત્નિ બંને શાળામાં જ નોકરી કરે છે. પ્રભુકૃપાથી એમને એક સારા આચાર્ય મળ્યા અને એમનું જીવન સુખમય બનાવ્યું. રવિન્દ્ર જૈન સારા સંગીતકાર છે, જેણે રામાયણમાં સંગીત આપ્યું છે. તેઓ પ્રજ્ઞાચક્ષુ છે. અરે, હેલનકેલરને ભૂલાય તેમ નથી... વર્ષો પહેલાં એણે નિરાશ થયા વિના એક શિક્ષકની મદદથી આગળ વધ્યાં અને વિશ્વ વિજેતા બન્યાં. લુઈ બ્રેઈલ પોતે અંધ હતા

કેલવણીએ ખુલ્લો મૂક્યો હતો.

વી કેર ફિલ્મ ફેસ્ટીવલ દરમ્યાન ત્રણ દિવસમાં ૪૫ જેટલી ટૂંકી ફિલ્મો વિનામૂલ્યે નવસારીની પ્રકાશ ટોકીઝ, ગિરિરાજ ટોકીઝ, જહાંગીર ટોકીઝ તથા નવસારી કૃષિ યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ ઓડિટોરિયમમાં બતાવવામાં આવી હતી. વિકલાંગ બાળકોની સમસ્યા અંગે જનજાગૃતિ કેળવવાના અભિયાનરૂપે યોજાયેલ આ ફિલ્મોત્સવમાં વિકલાંગ બાળકોના માતા-પિતા, શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ, વિકલાંગોના ક્ષેત્રે કાર્યરત સુરત, વલસાડ, વાપી, કિલ્લાપારડી, ગાંધીઘર, કછોલી, બીલીમોરા, બરોડા, અમદાવાદની સ્વૈચ્છિક સંસ્થાના સંચાલકો અને બાળકોએ ભાગ લીધો હતો. તા. ૨૨મી ફેબ્રુઆરી૨૦૧૫ના રોજ સાંજે ૮.૦૦ કલાકે લુન્સીકૂઈ મેદાન ખાતે પણ એક ઓપન શોનું આયોજન કરવામાં આવેલું હતું. નવસારી શહેરના પ્રબુધ્ધ નાગરિકો તથા આમ જનતાએ આ ફિલ્મોત્સવને માણ્યો હતો. આ અનોખી ફિલ્મ નિહાળી દરેકને પોતાના જીવનમાં વિકલાંગોને ઉપયોગી થવા અંગે પ્રેરણા મળ્યાની અનુભૂતિ થઈ. આઈટી સેક્ટર અમદાવાદના શ્રી ઉદયભાઈ દેસાઈએ પોતાના પ્રતિભાવમાં કહ્યું કે, ‘‘તેઓ જો આ ફેસ્ટીવલમાં આવી શક્યા ન હોત તો જીવનની અતિ મૂલ્યવાન તક ગુમાવી હોત.’’ વી કેર ફિલ્મ ફેસ્ટીવલ અંગે પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ફિલ્મ ફેસ્ટીવલના સંચાલકે કહ્યું કે. ‘‘એવરેસ્ટ સર કરવા માટે ભરાયેલું પગલું તો એક ફૂટનું જ હોય છે.’’ આ વી કેર ફિલ્મ ફેસ્ટીવલને સફળ બનાવવા માટે માનવ કલ્યાણ ટ્રસ્ટના સંચાલકો, શિક્ષકો, સેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.●

## અનાથ બાળકોને આર્થિક સહાય યોજના

જે બાળકના માતા-પિતા બંને મૃત્યુ પામેલ હોય અને તે બાળક શાળામાં ભણતો હોય અને તેની ઉંમર ૧૮ વર્ષથી નીચેની હોય તેને બાળ સુરક્ષા એકમ (સરકાર) દ્વારા માસિક રૂા. ૧,૦૦૦/-ની આર્થિક સહાય આપવામાં આવે છે. વધુ માહિતી માટે મહાશક્તિ વિકલાંગ કલ્યાણ સંઘ, મું.પો. કેસીમ્પા, તા. વડનગર, જિ. મહેસાણા, મો.નં. ૯૯૭૮૨૦૮૫૨૬- દિનેશભાઈ, મો.નં. ૯૬૬૨૧૬૪૩૨૨- સમીરભાઈનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે. ●

દરબારમાં શું બધા ચર્મકારો બેઠા છે...? મારા બહારના રૂપને જોઈને તમે કેમ હસો છો...? ખરું રૂપ તો અંદરનું છે.’’ બધા ક્ષોભ પામ્યા અને એમની ક્ષમા માગી. કથા કહે છે કે આ અષ્ટાવક્ર ઋષિ સૌને આ જ્ઞાન ચર્ચામાં હાર આપે છે.

માણસનાં બે રૂપ છે, એક બાહ્યરૂપ અને બીજું અંદરનું રૂપ. કોઈ કારણસર ઘણીવાર વ્યક્તિ સંજોગોવસાત અકસ્માતનો ભોગ બને છે ત્યારે તેનું કોઈ અંગ વિકૃત્ત બને છે અને તે વ્યક્તિ અપંગ બની જાય છે, પણ આવી સ્થિતિ પછી પણ ઘણા નિરાશ થયા વિના આવી સ્થિતિમાંથી પણ બહાર આવી જાય છે અને પ્રગતિ કરે છે... આવા પુરુષાર્થી ખરે જ અભિનંદનને પાત્ર છે. આવા ઘણા વિકલાંગ ભાઈ-બહેનોની પ્રગતિ જોઈને ખૂબ આનંદ થાય છે. ઘણા સમય પહેલાં મેં એક પતિ-પત્નિને જોયેલાં. તેઓ અમદાવાદ વિદ્યાપીઠમાં લાઈબ્રેરી વિજ્ઞાનના અભ્યાસમાટે આવેલાં. ભાઈ પ્રજ્ઞાચક્ષુ હતા અને એમનાં

હતાશા ખંખેરવી પડે. સમાધાન જડી જાય છે જ. પંડિત સુખલાલ બાળપણમાં દેખતા હતા, પણ કોઈ કારણસર એકાએક દૃષ્ટિ ચાલી ગઈ અને તેઓ પ્રજ્ઞાચક્ષુ બન્યા, ત્યાર પછીની એમની જે પ્રગતિ થઈ તે ખરે જ સૌનું ધ્યાન ખેંચે તેવી છે. તેઓ કાશી ગયા અને ત્યાં આજ સ્થિતિમાં અભ્યાસ ચાલુ રાખ્યો. આમ તો તેઓ જૈન દર્શનના પારંગત ગણાય, પણ કાશીમાં વેદ, ઉપનિષદ પણ ભણ્યા. એમણે પોતે પોતાની આગવી દૃષ્ટિથી વિચાર્યું. જે કયાંય જોવા ન મળે તેવું એમની વિચારધારામાં જોવા મળે, અને છતાં પણ તર્કમુક્ત અને બુદ્ધિગમ્ય પણ ખરું. એમના ધર્મચિંતને સૌનું ધ્યાન ખેંચ્યું અને એમની ગણના એક વિદ્ધાન પુરુષ તરીકે થઈ. કહેવાનું તાત્પર્ય એ જ છે કે તેઓ ભલે અંધ હતા, પણ એમણે જે પુરુષાર્થ દ્વારા જે કાંઈ જ્ઞાન પ્રાપ્ત કર્યું તે સદાય સૌને પ્રેરક બની રહ્યું. ઈશ્વર એક બારી ભલે બંધ કરે, પણ તેની કૃપાથી બીજાં અનેક દ્વાર ખુલે છે. જ્યાંથી પ્રકાશનો અનુભવ થાય જ. આવા ઘણા ઉદાહરણો છે. હું એક ભાઈને જાણું છું જે નાની

વિના એક શિક્ષકની મદદથી આગળ વધ્યાં અને વિશ્વ વિજેતા બન્યાં. લુઈ બ્રેઈલ પોતે અંધ હતા અને અંધજનો માટે ખાસ લિપિ ‘‘બ્રેઈલલિપિ’’ શોધી. આ લિપિથી અંધજનોને ઘણી મદદ મળી. લુઈ બ્રેઈલની પ્રગતિ પણ નોંધપાત્ર છે.

છેલ્લે યાદ આવે છે ‘‘લોહીની સગાઈ’’. આ નવલિકાનું મુખ્ય પાત્ર છે અમૃતકાકી. એમની મંદબુદ્ધિ દીકરી મંગુને દવાખાનામાં મુકવા જાય છે અને ત્યાં એમનો માતૃપ્રેમ સાકાર સ્વરૂપે પ્રગટી ઉઠે છે, મા છે ને...!! લેખક છેલ્લે લખે છે કે આખરે અમૃતકાકી મંગુની જ્ઞાતિમાં વટલાઈ જાય છે. જો કે તેને ત્યાં રાખી શકતા નથી. ગમે તેવી ગાંડી દીકરીને પણ મા તરછોડી દેતી નથી. આવાં અસંખ્ય ઉદાહરણો આપી શકાય. અંતે તો યાદ કરવા પડે તેવા ફાધર દામિયન, જે રક્તપિગ્રસ્તોની સેવા કરી અને તેઓ તેના ભોગ બન્યા. આજે એમની સમાધિ છે, જેની પર ફૂલ ચઢે છે. રક્તપિત્તગ્રસ્તો એમને પ્રભુ માનતા. જેઓ આવું યજ્ઞ કાર્ય કરે છે એમને વંદન કરવા પડે. ●

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA, PIN-382860 EDITOR : BHARATBHAI R. PATEL